ગાંધીનગર સમાચાર

## આજે સે-૨ ખાતે આધારકાર્ડ કેમ્પ

# નેશનલ જુનિયર કબડ્ડીમાં સાઈની બોયઝ-ગર્લ્સ બંને ટીમ ચેમ્પિયન

**વડોદરા ખાતે યોજાયેલ ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે ટ્રોફી એનાયત કરાઈ : બંને ટીમ ચેમ્પિયન બની હોય તેવી પ્રથમ ઘટના : બોયઝ ટીમ સતત ચોથી વાર ચેમ્પિયન : બંને ટીમમાં ગાંધીનગર સાઈના ૭-૭- ખેલાડીઓ**

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં વડોદરા ખાતે રમાઈ રહેલ ૪૩મી નેશનલ જુનિયર કબડ્ડી ચેમ્પિયનશીપ રમાઈ ગઈ. રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં ગર્લ્સ અને બોયઝ બંને વિભાગમાં સાઈની ટીમ વિજેતા બની છે. આ બંને ટીમમાં ગાંધીનગર સાઈના સાત સાત ખેલાડીઓ સામેલ હતા. ટૂર્નામેન્ટના સમાપન પ્રસંગે રાજયના રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વિજેતાઓને ટ્રોફી તથા મેડલથી સન્માનિત કર્યા હતા.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ગાંધીનગરની શોભામાં વધુ એક યશ કલગીનો સમાવેશ થયો છે. અન્ડર-૨૦ કેટેગરીની રાષ્ટ્રીય કક્ષાની ૪૩મી નેશનલ જુનિયર કબડ્ડી ચેમ્પિયનશીપમાં સાઈની ટીમો વિજેતા બની છે. પુરુષ તથા મહિલા એમ બંને વિભાગમાં એક જ રિજીયન અથવા ઓથોરિટીની ટીમ વિજેતા બની હોય તેવી જુનિયર કબડ્ડીના ઈતિહાસમાં પ્રથમ ઘટના છે. બોયઝ ટીમમાં સાઈએ સતત ચોથા વર્ષે આ ટ્રોફી જીતી છે. આ સ્પર્ધામાં બંને વિભાગમાં દેશભરની કુલ ૩૦-૩૦ ટીમોએ ભાગ લીધો હતો. બોયઝની ટીમે ફાઈનલમાં હરિયાણાની ટીમને ૨૩-૩૦ના સ્કોરથી પરાજય આપ્યો છે. જયારે ગર્લ્સની ટીમે હિમાચલની ટીમને અત્યંત રસાકસીપૂર્ણ મેચમાં ૨૫-૨૬ના સ્કોરથી પરાજય આપી ટ્રોફી જીતી લીધી છે. બોયઝ ટીમમાં કેપ્ટન વિકાસ સાથે કિશન, સુનિલ અને પરવેઝનું જયારે ગર્લ્સ ટીમમાં કેપ્ટન કાફી સાથે નીતુ અને જયોતિનું પ્રદર્શન પ્રસંશનીય રહ્યું હતું. બોયઝ ટીમના કોચ જયવીર શર્મા તથા ધરમપાલ અને ગર્લ્સ ટીમના કોચ સંજીવ શર્મા તથા નિર્મલ કૌરને સાઈ ગાંધીનગરના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુએ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ ટૂર્નામેન્ટના ઉદઘાટન સમારંભમાં આર.કે. નાયડુ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત હતા ત્યારે તેમણે આ બંને ટીમોને ચેમ્પિયન બનવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અગાઉ સાઈ ગાંધીનગર ખાતે બંને ટીમો કેમ્પ દરમિયાન પણ તેમણે સતત હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.







## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અદશ્યમ નાટક રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગાયત્રી મંદિર સે-૧ ખાતે સવારે ૭.૩૦ થી ૮.૩૦ દરમિયાન નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ તથા દિવ્યજીવન સંઘ દ્વારા 'સર્વાંગી આરોગ્ય અને તેની જાળવણી' વિષય પર સેમિનાર યોજાશે.

● વૈજનાથ મંદિર સે-૨૧, ચ-૬ કોર્નર પાસે બપોરે ૩.૩૦ કલાકે રૂદ્રાભિષેક યોજાશે.

## આજથી સે-૨ ખાતે આધારકાર્ડ કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સેકટર-૨ ખાતે તા. ૨૭મી ડિસેમ્બર અને તા. ૨૮મી ડિસેમ્બર એમ બે દિવસ દરમિયાન આધાર કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધારકાર્ડ કેમ્પ સે-૨માં અર્બન હેલ્થ સેન્ટર ખાતે સવારે ૧૦.૩૦ થી સાંજના ૫ વાગ્યા સુધી યોજાશે. આધાર કાર્ડ કેમ્પ માટે વોર્ડમાં અગાઉથી જ રજીસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેના પગલે આગોતરું રજીસ્ટ્રેશન કરાવનાર નાગિરકોને કેમ્પમાં પ્રાથમિકતા આપવામાં આવશે. વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત વોર્ડ નં. ૮ના રહીશોને આ આધારકાર્ડ કેમ્પનો લાભ ઉઠાવી જેમનું આધારકાર્ડ બાકી હોય તેમણે કઢાવી લેવા અનુરોધ કર્યો છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં 'તરુણ અવસ્થાની સમસ્યાઓ' વિષય અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળા દ્વારા ધો-૬ થી ૮ની વિદ્યાર્થીની બહેનો તથા વાલીમિત્રો માટે અતિ ઉપયોગી અને મહત્વના 'તરુણ અવસ્થાની સમસ્યાઓ વિષય' અંતર્ગત એક સેમિનારનું આયોજન સંસ્થાના સભાગૃહમાં તા. ૨૩-૧૨-૨૦૧૬ના રોજ કરાયું હતું. જેમાં સેમિનારમાં મુખ્ય વકતા તરીકે મા.શ્રી ડૉ. રાજેન્દ્ર આનંદ (એમ.ડી. સાઈક્રીટીક) હતા. તેઓશ્રીએ ઉપસ્થિત તમામ વાલીશ્રીઓને પોતાના સંતાનમાં તરુણ અવસ્થામાં જોવા મળતા ફેરફારો સાથે વર્તન, સ્વભાવ, અભ્યાસની સરખામણી વધારે પડતી અપેક્ષાઓ જેવા અગત્યના મુદ્દા પર ખૂબ વિસ્તારપૂર્વક છણાવટ કરી હતી. ઉપરાંત તેઓશ્રીએ બાળકો તથા વાલીશ્રીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોના સીધા જ ઉત્તરો આપીને તેમણે મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ સેમિનારમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના એજયુકેશન વિભાગના ડીન ડૉ. વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા શ્રી નીરૂબેન જે. પટેલે ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના સુપરવાઈઝરશ્રી ભગવતીબેન પટેલે કર્યું હતું તથા કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાન્તભાઈ પટેલે કર્યું હતું.



## સ્વસ્તિક સોસાયટી સે-૨૭નો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

સ્વસ્તિક સોસાયટી સે-૨૭નો સ્નેહમિલન, વિદ્યાર્થી ઈનામ વિતરણ તથા ડિરેકટરી વિમોચન કાર્યક્રમ તાજેતરમાં સોસાસટીના કોમનપ્લોટમાં ખુબ જ આનંદ ઉલ્લાસથી ઉજવાયો હતો જેમાં ખુબ જ મોટી સંખ્યામાં સોસાયટીના રહેવાસીઓએ ભાગ લીધો હતો.

જેમાં સભાના પ્રમુખ તરીકે બી.જે. કોષ્ટી, અતિથિ વિશેષ તરીકે હિતેશભાઈ રાવલ (સરકારી વકીલ), બ્રહ્માકુમારી સંસ્થા સે-૨૭ના અંજનાદીદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સોસાયટીના પ્રમુખ રાજુભાઈ રાજગોરે સૌને આવકારી સ્નેહમિલનનો હાર્દ સમજાવ્યો હતો. મંત્રી ખિમજીભાઈ રેવરે પોતાનો અનુભવ અને અહેવાલ રજુ કર્યો હતો. કન્વીનર ગોરધનભાઈ પટેલે ડિરેકટરી વિશેના પોતાના અનુભવો રજુ કર્યા હતા. વિદ્યાર્થીઓને ઈનામ રામનિવાસ શર્માજી તરફથી આપવામાં આવ્યા હતા. વૈશાલીબેન જોષીએ પ્રાર્થનાગીત સાથે નાની બાળાએ સ્વાગત ગીત રજુ કર્યું હતું. સમગ્ર કારોબારી સભ્યો લક્ષ્મણભાઈ પરમાર, ચંદ્રકાન્તભાઈ રાઠોડ (ઉપપ્રમુખ), હરિશચંદ્ર જાદવ, દિનેશભાઈ પરમાર (ખજાનચી), રમેશભાઈ બારોટ, લીલાબેન ત્રિવેદીએ કાર્યક્રમને સફળ બનાવવા ખુબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ભગુભાઈ પરમારે કર્યું હતું. આભારવિધિ અમૃતભાઈ સોનીએ કરી હતી. અંતે કાઠીયાવાડી ભોજનનો આનંદ સૌએ સાથે મળીને માણ્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત વહીવટી ઓફિસો નવા બિલ્ડીંગના બ્લોક ઈમાં ત્રીજે માળે ખસેડાઈ છે. આ ઓફિસો ફેર બદલની પ્રક્રિયામાં વધુ સુમુંસુતરું ગોઠવાઈ જતા હવે તે કાર્યરત થઈ જવા પામી છે.

● ગ્રામ પંચાયતોની ચુંટણીના એક દિવસ અગાઉ મત વિસ્તારોમાં છેલ્લી ઘડીના પ્રયાસોમાં ઉમેદવારોના કાર્યકર્તાઓએ અંગત બેઠકોનો દૌર ચલાવ્યો હતો. આ બેઠકોમાં ઉમેદવારોએ જડ-તોડની નીતિઓ સુધ્ધાં અપનાવી પોતાના મતો અંકે કરવા આખરી ઘડીના પ્રયાસો હાથ ધર્યા હતા.

● શહેરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટના પગલે દરેક ચાર રસ્તે હોર્ડિંગ્સ લાગવા માંડયા છે. આ ઉપરાંત શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવા પોલીસ દ્વારા તમામ મુખ્ય માર્ગોના પ્રવેશદ્વારે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

● નાતાલ પર્વની ઉજવણીના ફોટા સોશિયલ મિડિયા પર ધૂમ મચાવી રહ્યા છે.

## ગાંધીનગર પેન્શનર્સ સમાજ દ્વારા પડતર માગણીઓ માટે રજુઆત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા પેન્શનર્સ સમાજની મુખ્ય ત્રણ માંગણીઓ માટે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સમક્ષ લેખિતમાં રજુઆત કરેલ છે.

પેન્શનરોને ૭મા પગાર પંચ અન્વયે જાન્યુઆરી ૧૬ થી સપ્ટેમ્બર-૨૦૧૬ સુધીના પેન્શન સુધારણા તફાવતની રકમ એક જ હપ્તામાં ચુકવવી, કેન્દ્રના ધોરણે જુલાઈ ૨૦૧૬થી અસરકર્તા ૨ ટકા મોંઘવારી ભથ્થાનો હપ્તો ચુકવવો, કેન્દ્રના ધોરણે નવેમ્બર ૨૦૧૪થી માસિક તબીબી ભથ્થું રૂ. ૫૦૦ કરી ચુકવી આપવું તેમ મહામંત્રીશ્રી હસમુખરાય સોની અને પ્રવર મંત્રીશ્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## પેથાપુરના મહાલક્ષ્મી ફલેટમાં ૨.૩૦ લાખની મત્તાની ચોરી

**બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરો સોના ચાંદીના દાગીના અને રોકડ લઈ પલાયન**

ગાંધીનગર, તા.૨૬

પેથાપુર ચોકડી પાસેના મહાલક્ષ્મી ફલેટના બંધ મકાનના તાળા તોડી તસ્કરો ૨.૩૦ લાખની મત્તાના સોના ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે પેથાપુર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પેથાપુર ચોકડી પાસેના મહાલક્ષ્મી ફલેટમાં રહેતા ભાવેશ છગનભાઈ પટેલ ગત તા. ૨૪મીના રોજ પરીવાર સાથે મકાન બંધ કરી બહારગામ સગાને ત્યાં ખબર અંતર પુછવા ગયા હતા. સોસાયટીના ફલેટના બંધ મકાનનો લાભ લઈ તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મોડી રાત્રે ૩ વાગ્યાના અરસામાં મકાનના દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનમાં રહેલા લાકડાના કબાટ તોડી તેમાં રહેલા સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૨.૩૦ લાખની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે મકાન માલિક ભાવેશભાઈ પટેલને માલુમ થતા તેઓએ પેથાપુર પોલીસ મથકમાં જાણ કરી હતી. પેથાપુર પોલીસે આ મામલે ગુનો નોંધી સી.સી. ટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી છે જેની તપાસ પી.એસ.આઈ. એમ.એન. ચૌધરી ચલાવી રહ્યા છે.



સિનિયર સિટિઝન કાઉન્સીલ ગાંધીનગર દ્વારા અંધશાળા, સે-૧૬, સમર્પણ મુક-બધિર શાળા સે-૨૮ અને સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ સે-૧૯ના કુલ ૧૬૦ બાળકોને ગરમ સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ સીમા દર્શન કાર્યક્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૬

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના સ્ટુડન્ટ પોલીસ કેડેટસ (એસ.પી.સી.)ના વિદ્યાર્થીઓએ સીમા દર્શન કાર્યક્રમમાં હાજર રહીને સીમા દર્શનનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાના સૂઈગામની નજીક નળાબેટ મુકામે તેઓએ ભારત-પાકિસ્તાનની સીમા જોવાનો અનેરો લાભ લીધો હતો. તથા બીએસએફના જવાનોની કામગીરી તથા તેમના શસ્ત્રોની પ્રદર્શની જોવાનો પ્રત્યક્ષ લાભ લીધો હતો. આ માટે શાળાએ મુખ્યમંત્રીશ્રીનો, ગુજરાત ટુરીઝમનો, રમત ગમત અધિકારી નરેશભાઈ ચૌધરી, શાળાના મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા તથા ટ્રસ્ટીશ્રી શોભનાબા વાઘેલા અને આચાર્ય યુવરાજસિંહનો આભાર માન્યો હતો.

## થોળ તળાવ પક્ષી અભ્યારણ્ય મુલાકાતીઓ માટે સ્વર્ગ સમાન

ગાંધીનગર, તા.૨૬

શિયાળાની ફુલ ગુલાબી ઠંડીની ઋતુમાં ગાંધીનગરથી નજીકમાં આવેલ થોળ પક્ષી અભ્યારણ્યમાં અલભ્ય એવા પરદેશી પંખીઓનો મેળો જામ્યો છે. હાલમાં બહુ મોટા પ્રમાણમાં પક્ષીઓ જોવા મળી રહ્યાં છે. વળી સરકારશ્રીની ઈકો ટુરિઝમને પ્રોત્સાહિત કરવાની યોજના અન્વયે થોળ તળાવની પાળ પર પક્ષી નિરિક્ષણ પોઈન્ટ, કેમ્પ સાઈટ પર સુંદર બગીચા, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, મુલાકાતીઓ માટે શુધ્ધ જળ તેમજ ગરમ નાસ્તા અને ચ્હા, કોફી તેમજ ઠંડા પીણાંની વ્યવસ્થા, પક્ષીઓ માટેનું રેસ્ક્યુ સેન્ટર ઉભું કરાતાં દિવસે દિવસે મુલાકાતીઓની સંખ્યામાં વધારો થતો જોવા મળી રહ્યો છે. તેથી થોળ પક્ષી અભયારણ્ય પ્રકૃતિ પ્રેમીઓ અને પક્ષી વિદો માટે સ્વર્ગ સમાન લાગી રહ્યું છે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે 'ક્રિસમસ કાર્નિલવ'ની ધુમ

ગાંધીનગર, તા.૨૬

રંગોલી સ્કુલ ખાતે યોજાયેલ 'ક્રિસમસ કાર્નિવલ' એક યાદગાર અને આનંદદાયક પ્રસંગ બની રહ્યો હતો. આ ઉજવણીમાં રંગોલી ગ્રુપની



ગાંધીનગર ખાતે આવેલી તમામ શાળાઓએ સંયુકત રીતે ભાગ લીધો હતો. કાર્યક્રમમાં શાળાના બાળકોએ ઈસુ ખ્રિસ્તના જન્મ આધારિત ડ્રામા અને ડાન્સ રજુ કર્યા હતા. નાના નાના બાળકો શાંતાકલોઝ બનીને આવ્યા હતા અને તેમની એક શાંતા પરેડ યોજાઈ હતી. આ ઉપરાંત પપેટ શો, મધર્સ ડાન્સ, જમ્પીંગ જેક, શાંતાકલોઝ અને ગેમસ્ટોલ એ આકર્ષણ જમાવ્યું હતું. ફુડ કોર્ટમાં સૌએ વિવિધ વાનગીઓનો આસ્વાદ માણ્યો હતો. શાળામાં ચાલતા આંત્રોપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત બાળકોને ફુડ અને ગેમ્સના સ્ટોલ્સ આપવામાં આવ્યા હતા. આ સ્ટોલ્સના આયોજનથી લઈને અમલીકરણ સુધીની સંપૂર્ણ જવાબદારી બાળકોએ ઉપાડી હતી. રંગોલીના આ મહોત્સવમાં ભાગીદાર થવા માનવ મહેરામણ ઉમટયું હતું. સૌના ચહેરા પર એક સારા આયોજનના સાક્ષી બન્યાનો આનંદ અને સંતોષ ઝલકતો હતો.

# હવે ગાંધીનગરમાં લોન્ડ્રીની સેવા પણ ઘેરબેઠાં

ગાંધીનગર, તા.૨૬

'આ વ્યવસાય માટે મને સૌથી મોટી શકયતા એ દેખાઈ રહી છે કે મેં જોયું છે કે અહીં મોટાભાગના દુકાનદારો પાસે ડ્રાય ક્લિનીંગ માટેનું મશીન જ નથી. તેમ છતાં તેઓ ડ્રાય ક્લિનીંગ કરી આપવાનો દાવો કરે છે ને લોકો પોતાનાં કિંમતી કપડાં એમને ડ્રાય ક્લિનીંગ કરવા માટે આપે પણ છે ! ઉપરાંત લોકો ડ્રાય ક્લિનીંગના નામે મોટી રકમ પણ ચૂકવે છે.'

આ શબ્દો છે ગાંધીનગરમાં ક્લોથ વૉશિંગનો નવો વ્યવસાય શરૂ કરનારા મૂળ બિહારના સજ્જન દેવેન્દ્ર જહાના. એમણે ગાંધીનગરમાં સૅફટી લોન્ડ્રી નામે એક નવા બિઝનેસનો આરંભ કર્યો છે. બિઝનેસ છે સાવ કૉમન પરંતુ ખૂબ જરૂરી પણ છે. સૅફટી લોન્ડ્રી ગાંધીનગર શહેર અને આસપાસના ૨૫ કિમી વિસ્તારમાં કપડાં ધોઈ, ઈસ્ત્રી કરીને તૈયાર કરી આપવાનું કામ કરે છે અને એ પણ ઘેરબેઠાં. જી હા, વૉટ્સએપ પર મૅસેજ છોડો અને સૅફટી લોન્ડ્રીની આકર્ષક ઑટો રિક્ષા તમારા ઘરે આવીને કપડાં લઈ જશે ને વૉશ, પ્રેસ કરીને પરત ઘરે આપી પણ જશે !

આજની દોડતી લાઈફમાં ડોર સ્ટેપ સર્વિસ આવશ્યક બની ગઈ છે ત્યારે એનું ક્ષેત્ર લોન્ડ્રી ફિલ્ડમાં પણ છે એ બાબત પારખીને દેવેન્દ્ર જહા દ્વારા સૅક્ટર-૨૬ જીઆઈડીસીમાં સૅફટી લોન્ડ્રીનો આરંભ કરવામાં આવ્યો છે.

બીએ પાસે કર્યા પછી મુંબઈ જઈને બીઈ ઈલેકટ્રીકલનો ડિપ્લોમા કર્યા બાદ દેવેન્દ્રભાઈએ મોટી હૉટલ્સની લોન્ડ્રીમાં કામ કર્યું ને ત્યાં કલ્પનાથી પણ મોટાં ડ્રાય ક્લિનીંગ મશીન જોયાં. પોતાની આવડતથી આવાં મશીન્સનું મેઈન્ટેનન્સ તેઓ શીખી ગયા અને પછી તો દેશની અનેક હૉટેલ્સ, હૉસ્પિટલ્સમાં તેમણે આવાં મશીન્સની સ્થાપના પણ કરી આપી. એમાં નિપુણ થયા પછી કંઈક નવું ને પોતાનું કરવાની ઈચ્છા જાગી ને તેઓ અમદાવાદ આવી ગયા.




ડ્રાય ક્લિનીંગના નામે કંઈક બીજું જ ચાલતું જોઈને તેમણે આ બિઝનેસમાં ઝંપલાવ્યું. હાલ તેમની પાસે અત્યાધુનિક ડ્રાય ક્લિનીંગ મશીન અને ત્રણ ક્લોથ એક્સ્ટ્રેક્ટર મશીન્સ પણ છે, જેની સહાયથી તેઓ કલાકના ૧૨૫ કિલોગ્રામ જેટલાં કપડાં ધોઈ શકે છે. અલબત્ત, હાલ એમની પાસે એટલું કામ નથી, પણ ગાંધીનગરના ક્વૉલિટીપારખુ નાગરિકો પાસેથી તેમને આ કક્ષાનું કામ મળી રહેશે એવી આશાએ તેમણે ભવિષ્યનું પ્લાનિંગ કર્યું છે.

અત્યાધુનિક પદ્ધતિથી ક્લિનીંગની સેવા ઘેરબેઠાં પૂરી પાડવાની અને તેમ છતાં દર બજાર કરતાં ઓછો લેવાનો જેથી ગ્રાહકોને ઉચ્ચ સેવા વ્યાજબી ભાવે મળી રહે એવો નિયમ દેવેન્દ્રભાઈએ અપનાવ્યો છે.

કપડાં લેવાં માટે તેમણે બનાવેલી રિક્ષા પણ ખૂબ આકર્ષક છે. વળી આ રિક્ષા સંપૂર્ણપણે ઈકોફ્રેન્ડલી છે, તે બૅટરીથી ચાલે છે અને તેની ઉપર લગાવેલી સોલાર પૅનલથી રિક્ષામાં મ્યુઝીક સિસ્ટમ કામ કરે છે. આ રિક્ષા એકસાથે ૪૮૦ કિલોગ્રામ જેટલું વજન વહન કરી શકે છે.

આકર્ષક વાહન જોઈને લોકોનું ધ્યાન આકર્ષિત થાય અને પોતાને આ રિક્ષાના માધ્યમથી પણ ગ્રાહકો તરત ઓળકી કાઢે એ હેતુસર તેમણે આ આકર્ષક રિક્ષા પોતાના વ્યવસાય માટે તૈયાર કરી છે ને આરટીઓની મંજૂરી મળી જાય પછી આ રિક્ષાને ગાંધીનગરના રસ્તાઓ ઉપર દોડતી પણ જોઈ શકાશે.

મળતાવડા અને સરળ સ્વભાવના એવા ગાંધીનગરનાં લોકો સંપન્ન છે, મોંઘાં કપડાં પહેરે છે ને એમનાં કપડાં માટે વિશ્વકક્ષાની લૉન્ડ્રી સેવા ઘેરબેઠાં મળી રહેશે તો પોતાનો વ્યવસાય પણ પ્રગતિ કરી શકશે એવી શ્રદ્ધા દેવેન્દ્ર જહાને છે.

## ચિરવિદાય

- સ્વ. ગજરાજસિંહ મોતીસિંહ રાઓલ, ઉ.વ. ૭૭
- સ્વ. પૃથ્વીસિંહ તખતસિંહ રાણા, ઉ.વ. ૬૧
- સ્વ. વિસાભાઈ નાથાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. લીલાબેન મનુજી રાઠોડ, ઉ.વ. ૪૭